Seat No. : _______________

# DN-110

**December-2013**

## B.A. (Sem.-I)

## Core-101 : Gujarati

**('સુદામા ચરિત્ર')**

**(New Course)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. આખ્યાન કાવ્ય સ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો જણાવી આ સ્વરૂપ અન્ય કાવ્ય પ્રકારોથી કઈ રીતે જુદુ પડે છે ? **13**

**અથવા**

(1) આખ્યાનમાં રસ સિદ્ધિ અને રસ સંક્રાતિ

(2) આખ્યાનમાં ગુજરાતીકરણ

2. મૈત્રી-ભક્તિના આખ્યાન કાવ્ય તરીકે 'સુદામા ચરિત્ર' ને મૂલવો. **13**

**અથવા**

(1) દ્વારકાથી પાછા ફરતા સુદામાનું મનોમંથન

(2) 'સુદામા ચરિત્ર'ની ભાષાશૈલી

3. સુદામા ચરિત્ર ને ધ્યાનમાં રાખીને આખ્યાનકાર તરીકે પ્રેમાનંદની શક્તિઓનો અને મર્યાદાઓનો પરિચય કરાવો. **14**

**અથવા**

(1) 'સુદામા ચરિત્ર'માં કૃષ્ણ અને સુદામાના વિદ્યાર્થી જીવનનાં સંસ્મરણો.

(2) 'સુદામા ચરિત્ર'નાં ઉદ્દેશ

4. (અ) નીચેનામાંથી ગમે તે **ચાર** શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો. **4**

(1) કીડીયારું (2) દીલગીરિ

(3) જીંદાદીલી (4) રિતરીવાજ

(5) માહીતિ

(બ) નીચેના શબ્દોમાંથી ગમે તે **ચાર** શબ્દોના પર્યાયવાચી શબ્દો લખો. **4**

(1) અખિલ (2) આત્મજા

(3) કામદેવ (4) મુસાફર

(5) સફેદ

(ક) નીચેના શબ્દોમાંથી ગમે તે **ચાર** શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દો લખો. **4**

(1) અધિક (2) શાશ્વત

(3) સંક્ષિપ્ત (4) જ્યેષ્ઠ

(5) વૈયક્તિક

(ड) દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ માટે ઉદ્‌ઘોષકની જરૂર છે. લાયક ઉમેદવારોએ કેન્દ્ર નિયામકશ્રી, દૂરદર્શન કેન્દ્ર, થલતેજ ટેકરા, અમદાવાદને સરનામે અરજી કરવી. **8**

**અથવા**

લોકનિકેતન આદર્શ વિદ્યાલય, અમદાવાદના માધ્યમિક વિભાગ માટે અંગ્રેજી વિષયના શિક્ષકની જરૂર હોઈ અરજી કરો.

5. નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધી જવાબ લખો. **10**

(1) પ્રેમાનંદના પિતાનું નામ શું હતું ?

(a) પર્વતરાય (b) કૃષ્ણરાય
(c) નંદરાય (d) વિષ્ણુરામ

(2) 'સુદામા ચરિત્ર' માં કેટલા કડવા છે ?

(a) 11 (b) 12
(c) 13 (d) 14

(3) આખ્યાનના બીજ કોની રચનાઓમાં છે ?

(a) નરસિંહ (b) દયારામ
(c) માંડણ (d) પ્રેમાનંદ

(4) પ્રેમાનંદના માતા-પિતાનું અવસાન થતાં તેનો ઉછેર ક્યાં થયેલો ?

(a) કાકાને ત્યાં (b) મામાને ત્યાં
(c) દાદા પાસે (d) મોસાળમાં

(5) પ્રેમાનંદના આખ્યાનોનું કથાવસ્તુ શાના પર આધારિત છે ?

(a) કાલ્પનિક (b) પૌરાણિક
(c) વાસ્તવિક (d) ઐતિહાસિક

(6) સુદામા કયું વ્રત પાળતા હતા ?

(a) એકાદશી વ્રત (b) ઉપવાસ
(c) અજાચક વ્રત (d) અમાસનું વ્રત

(7) "એ જ્ઞાન મને ગમતું નથી ઋષિ રાયજી રે." આ વાક્ય કોણ બોલે છે ?

(a) સુદામા (b) સુદામા પત્ની
(c) કૃષ્ણ (d) રૂકમણી

(8) કૃષ્ણની પટરાણીઓમાં વાંકાબોલા કોણ છે ?

(a) રૂકમણી (b) સત્યા
(c) જાંબુવતી (d) સત્યભામા

(9) 'સુદામા ચરિત્ર'ની કથા શુકસ્વામી કોને કહે છે ?

(a) પરીક્ષિત (b) નારદ
(c) કૃષ્ણ (d) હળધર

(10) પ્રેમાનંદ કયા શતકમાં જીવનકાળ ધરાવે છે ?

(a) સત્તરમા (b) સોળમા
(c) પંદરમા (d) બારમા